## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... લો આ મારા બધા બેંક એકાઉન્ટનો હિસાબ... અને આ સ્ટૂલ - ટેસ્ટ રીપોર્ટ... મેં ક્યારેય કાળું નાણું ખાધુ નથી તેની સાબીતી...

# ખનીજ ચોરો પર તંત્રની તવાઈ

**શાહપુર બ્રીજ નીચે સાબરમતી નદીમાં ધમધોકાર ચાલતી રેતી ચોરી બંધ કરાવવા ખાણ ખનીજ વિભાગ અને પોલીસ તંત્રનું સંયુક્ત ઓપરેશન : દરોડો પડતા જ ચોરો અંધારામાં ઓગળી ગયા : ત્રણ આઈવા અને જેસીબી મળી ૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત : પોલીસે ગુનો દાખલ કર્યો**

ગાંધીનગર, તા. ૪

સાબરમતી નદી ખનીજ ચોરો માટે આશીર્વાદરૂપ બની ગઈ છે. માફીયાઓ રાતભર રેતી ચોરી કરી ગેરકાયદે લાખો રૂપિયાના વેપલા કરી રહ્યા છે અને કેટલાક અંશે તંત્ર પણ વહેતી ગંગામાં હાથ ધોઈ નાંખે છે. જો કે હવે તંત્રએ લાલ આંખ કરી છે અને ગઈ રાત્રે પુનઃ આ ખનીજ ચોરો પર તવાઈ બોલાવી કડક કામગીરી કરી છે. પોલીસ અને ખાણ ખનીજ વિભાગે રાત્રે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને દરોડો પાડતા ખનીજ ચોરો અંધારામાં ઓગળી ગયા હતા અને વાહનો નદીમાં પડતા મુકી રાખ્યા હતા. આ વાહનો જપ્ત કરી માફીયાઓ સામે ગુનો દાખલ કરી તેમને શોધી કાઢવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

ભુસ્તર અધિકારી નિરવ બારોટની ટીમ અને ગાંધીનગર ડીવીઝન ડીવાયએસપીની, ડભોડા પોલીસની અને ઈન્ફોસીટી પોલીસની ટીમોએ મળીને ગઈ રાત્રે સાબરમતી નદી શાહપુર બ્રિજ નીચે સપાટો બોલાવ્યો હતો. ધમધોકાર રેતી ચોરી કરતી ગેંગ પોલીસ જોઈને વાહનો સ્થળ પરજ મુકીને અંધારાનો લાભ લઈ ભાગી ગઈ હતી. સ્થળ પરથી ત્રણ આઈવા ડમ્પર અને એક જેસીબી મળી આવ્યા હતા. રૂ. ૭૧ લાખનો મુદ્દામાલ ડભોડા પોલીસે જપ્ત કરીને વાહનોના નંબરને આધારે માફીયાઓ સુધી પહોંચવા દોડધામ શરૂ કરી છે. ભુસ્તર અધિકારીની ફરિયાદ લઈ ડભોડા પોલીસે ઝીણવટભરી તપાસ આરંભી છે.



## વૉટરશેડ પ્રોજેક્ટ અમલીકરણ સમિતિની સત્તાઓ પાછી ખેંચાતાં ગ્રામ્ય વિસ્તારમાં રોષ

ગાંધીનગર, તા. ૪

વૉટર શેડ પ્રોજેક્ટ્સ અમલીકરણ માટે ગ્રામ્ય કક્ષાએ રચાયેલ સમિતિઓના પ્રમુખની સત્તાઓ પાછી ખેંચી લેવાના નિર્ણયને પગલે ગ્રામ્ય વિસ્તારમાં ભારે ઉહાપોહ મચવા પામ્યો છે.

વૉટરશેડ પ્રોજેક્ટસની વિવિધ કામગીરીઓ પણ આ નિર્ણયને પગલે ખોડંગાવા પામી છે.

કેન્દ્ર પુરસ્કૃત યોજના છે અને તેના પ્રમુખોનું રજીસ્ટ્રેશન પણ કરવામાં આવ્યુ છે. વૉટર શેડ પ્રોજેક્ટસ અંતર્ગત જશળસંચય માટેની વિવિધ કામગીરીને અગ્રતા આપવામાં આવતી હોય છે. આ નાણાં પણ કેન્દ્ર દ્વારા ચુકવવામાં આવતા હોય છે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા એકાએક જ આ નિર્ણય લઈ સમિતિની સ્વાયત્તતા પર કાપ મુકવામાં આવતાં ગ્રામ્ય વિસ્તારના લોકોમાં રોષની લાગણી જન્મી છે.

ગિયોડ વૉટરશેડ સમિતિના પ્રમુખ છનભાઈ ચૌધરીએ જણાવ્યુ છે કે સરકાર દ્વારા આ પ્રકારના હસ્તક્ષેપથી પંચાયતની તેમજ સમિતિની અંદર રાજકીય અને વહીવટીય દખલ કરવાનો પ્રયાસ નિંદનીય છે. તેમણે જણાવ્યુ છે કે સરકાર જો આ બાબતે પુનઃ નિર્ણય નહિ કરે તો અમારે આ અંગેના વિકલ્પો ચકાસીને આગળની કાર્યવાહી કરવાની ફરજ પડશે.

આ સમિતિઓ હસ્તકના કેટલાક કર્મચારીઓનો પગાર પણ નહિ થયો હોવાની વાતો બહાર આવવા પામી છે.

જિલ્લા વિકાસ અધિકારીએ આજે એક સમીક્ષા બેઠક પણ યોજી હતી. જેમાં વિવિધ કામગીરીને લઈ ઝીણવટભરી સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત ગ્રામ્ય સમિતિના પ્રમુખો સાથે પણ ડીડીઓએ અલગથી બેઠક કરી હોવાનું જાણવા મળેલ છે.



**વસંતોત્સવમાં વડાપ્રધાન સાથે ફોટો પડાવવાની તક**

સાંસ્કૃતિક કુંજ ખાતે વસંતોત્સવમાં લોકકલાના નૃત્યો તથા ગ્રામહાટ ઉપરાંત મુલાકાતીઓને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્ટેચ્યુ સાથે ફોટો પડાવવાનું પણ આકર્ષણ જોવા મળી રહ્યું છે. વડાપ્રધાનના સ્ટેચ્યુ પાસે ઉભા રહી નાના ભૂલકાંથી માંડીને વરિષ્ઠ નાગરિકો તમામ પોતાની તસવીર ખેંચાવી રહ્યાં છે. યુવાનો તો અહીં સેલ્ફી લઈ સોશ્યલ મિડીયા પર અપલોડ કરી રહ્યાં છે.

## ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં નીલગાય હિંસક બનતા બાળકને ગંભીર ઈજા

ગાંધીનગર, તા. ૪

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં આજે બપોરે એક નીલગાય હિંસક બનતા બાળકને ગંભીર ઈજા થવા પામી હતી. નીલગાયે બાળકને અડફેટે લેતા ઈજાગ્રસ્ત લોહીયાળ બાળકને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં નર નીલગાય હિંસક બનતા નાના બાળકને ભેટુ માર્યુ હતુ. બાળકને લોહીયાળ હાલતમાં ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. સરકારી તંત્ર મુક પ્રેક્ષકની જેમ જોઈ રહ્યુ હતુ. સમગ્ર પ્રકૃતિ ઉદ્યાનમાં સહેલાણીઓ ઈજાગ્રસ્ત થાય તેવા સંજોગોમાં મેડીકલ કીટ પણ ઉપલબ્ધ નથી. પ્રકૃતિ ઉદ્યાનના પક્ષીઓ અને પ્રાણીઓને આપવામાં આવતો માંસાહાર કચરામાં જાય છે જેના પરિણામે કુતરાઓનું ટોળુ પ્રાણી સંગ્રહાલયમાં જ્યાં ત્યાં ફરતા નજરે પડે છે. સહેલાણીઓ પાછળ આ કુતરાઓ દોડે છે. પ્રાણી સંગ્રાહલમાં છુટા ફરતા પ્રાણીઓ હીંસક બનતા હોવાની ઘટના છાશવારે જોવા મળે છે. જેના લીધે પ્રકૃતિ પ્રેમીઓમાં આક્રોશ છવાયો છે. હજુ ગઈકાલે જ વર્લ્ડવાઈડ લાઈફ ડે ની ઉજવણી કરવામાં આવી છે. ત્યાં પ્રાણીઓ હિંસક બનતા પાર્કમાં આવતા સહેલાણીઓને ઈજાગ્રસ્ત બનવાનો વારો આવ્યો છે.

## લાયન્સ ક્લબના ડિસ્ટ્રીક્ટ ગર્વનર આજે ગાંધીનગરની મુલાકાતે

લાયન્સ, લાયોનેસ અને લીયો ક્લબ ઓફ ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ગર્વનર ડૉ. યોગેશ દવે અને પ્રથમ લાયન મહિલા ડૉ. પારૂલ દવે આજે લાયન્સ ક્લબના સભ્યો અને હોદ્દેદારોની શુભેચ્છા મુલાકાતે ગાંધીનગર ખાતે આવશે. ગાંધીનગર સરગાસણ વિસ્તારમાં આવેલ સિદ્ધરાજ ઝોલ્ડ, ૫૬ ભોગ બેન્કવેટ હોલ ખાતે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન સંસ્થાના સૌ સભ્યોની બેઠક યોજાશે. આ પ્રસંગે લાયન્સ ક્લબના પ્રમુખ નિમેષ રાવલ, દેવલ જોષી, કથન ત્રિવેદી, સેક્રેટરી પરમસિંહ ચૌહાણ, મીતલ રાણા અને મોહિત જયસિંઘાણી સહિતના સભ્યો ઉપસ્થિત રહેશે.

## વિશ્વ મહિલા દિન નિમિત્તે નિઃશુલ્ક ચેકઅપ કેમ્પ તથા સેમિનાર

ગાંધીનગરના જ્યોતિ મહિલા મંડળ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન વુમન ડેવલપમેન્ટ સેલના સંયુક્ત ઉપક્રમે કેન્સર સોસાયટીના સહયોગથી વિશ્વ મહિલા દિન નિમિત્તે નિઃશુલ્ક નિદાન કેમ્પ તથા પ્રદર્શન અને ફિલ્મ શૉ નું આયોજન કરાયુ છે. આ કાર્યક્રમ તા. ૬ઠ્ઠી માર્ચે સેક્ટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસના ક્રિએટીવ ઝોન ખાતે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન યોજાશે. જેનો લાભ લેવા નગરની મહિલાઓને જ્યોતિ મહિલા મંડળના ચેતના બુચ દ્વારા અનુરોધ કરાયો છે.

## સે-૪-એમાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પમાં ૧૧૯ દર્દીઓની તપાસ કરાઈ

**સે-૨૨ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના સહયોગથી સર્જન ચેરિટેબલ ટ્રસ્ટ તથા હેપ્પી યુથ ક્લબનું સંયુક્ત આયોજન : દર્દીઓને જરૂરિયાત મુજબ દવાઓ પણ વિના મૂલ્યે પુરી પડાઈ**

ગાંધીનગરના સેકટર-૪-એ ખાતે આજે સે-૨૨ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના સહયોગથી




સર્જન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા હેપ્પી યુથ ક્લબના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક આયુર્વેદિક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયુર્વેદ સર્વ રોગ નિદાન કેમ્પ સે-૪-એમાં શનિદેવ મંદિર સામે કોળી સમાજ ભવન ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં કુલ ૧૧૯ દર્દીઓએ લાભ લીધો હતો.

સવારે ૯ વાગ્યાથી પ્રારંભ થયેલ આયુર્વેદ સારવાર કેમ્પમાં અનેક રોગો અંગે સે-૨૨ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના નિષ્ણાંત તબીબો ડૉ. ધરા જાદવ તથા ડૉ. મહેશ પરમાર દ્વારા નિદાન કરી જરૂરી માર્ગદર્શન તથા સલાહ પુરી પાડવામાં આવી હતી. આ સાથે દર્દીઓને જરૂરિયાત મુજબ દવાઓ પણ આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા વિના મૂલ્યે આપવામાં આવી હતી.



એક તબક્કે ઢીંચણના દુઃખાવાના દર્દી કેમ્પમાં છેક અંદર સુધી જઈ ના શકતા ડૉ. ધરા જાદવે જાતે બહાર આવી દર્દીની તપાસ કરી સેવાનું પ્રેરક ઉદાહરણ પુરું પાડયું હતું.

આ કેમ્પમાં વોર્ડ નં. ૮ના નગરસેવક પાયલબેન મેણાત સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ કેમ્પની સફળતા માટે સર્જન એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિનોદ મેણાત તથા ટ્રસ્ટના સભ્યો કિરીટ-પરેશ, મુકેશ મારુ, મહેન્દ્ર ભરાડા, મિહિર પટેલ, મેહુલ સોલંકી, રમેશભાઈ તથા પરસોત્તમભાઈ ઉપરાંત હેપ્પી યુથ ક્લબના પ્રમુખ સમીર રામી અને સે-૪ વસાહત મંડળના પ્રમુખ તેજાભાઈએ ખડે પગે સેવાઓ પુરી પાડી હતી. નિઃશુલ્ક નિદાન સારવાર કેમ્પને મળેલા સાનુકુળ પ્રતિસાદથી આયોજકો તથા સ્વયં સેવકોમાં ઉત્સાહ વ્યાપ્યો હતો અને સેવાઓ માટે તબીબો તથા સહયોગી સ્ટાફ પ્રત્યે આભાર વ્યકત કર્યો હતો.

# વિધાનસભા ગૃહમાં દારૂની પોટલીઓ ફેંકાવાની શકયતા

**આઈ.બી.ના ઈનપુટને પગલે વિધાનસભામાં પ્રવેશતા મુલાકાતીઓનું ચેકીંગ સઘન બનાવાશે**

ગાંધીનગર, તા.૪

વિધાનસભા સત્ર ચાલી રહ્યું છે. ત્યારે સત્રના પ્રથમ દિવસથી જ ગૃહમાં તોફાનોના દશ્યો સર્જાયા છે. ચાલુ વર્ષે વિધાનસભાની ચુંટણી છે જે અનુસંધાને વિરોધ પણ ઉગ્ર બન્યા છે. ગત વર્ષે ગૃહમાં એક વૃદ્ધે દેશી દારૂની પોટલી ફેંકી હતી અને ચકચાર મચી ગઈ હતી ત્યારે ચાલુ સત્રમાં પણ આ પ્રકારે પોટલીઓ ફેંકાય તેવી શકયતાના ઈનપુટ મળતા ગાંધીનગર પોલીસે મુલાકાતીઓનું સઘન ચેકીંગ કરી પ્રવેશ આપવા તૈનાત જવાનોને સુચના આપી દીધી છે.

ગત વર્ષે વિધાનસભાનાં ચાલુ સત્ર દરમિયાન ગૃહમાં એક કાકાએ દેશી દારૂની પોટલી ફેંકીને રાજયમાં ચાલતી દારૂબંધીની વાતો ઉપર સવાલો ઉભા કર્યા હતા. આ ચકચારી ઘટના બાદ અત્યારે બજેટ સત્ર ચાલી રહ્યું છે તેમાં પણ આવા દશ્યો સર્જાય તેવી વકી છે. વિધાનસભામાં ચાલુ ગૃહે આગામી સપ્તાહમાં દારૂની પોટલી ફેંકાય તેવી શકયતાના ઈન્ટેલીજન્સ બ્યુરો દ્વારા ઈનપુટ મળતા ગાંધીનગર પોલીસ એલર્ટ થઈ ગઈ છે. ઉચ્ચ કક્ષાએથી વિધાનસભા ખાતે ફરજ બજાવતા પોલીસ અધિકારી-કર્મચારીઓને કડક સુચનાઓ આપી દેવામાં આવી છે કે વિધાનસભામાં પ્રવેશતા મુલાકાતીઓનું સઘન ચેકીંગ કર્યા બાદ જ પ્રવેશ આપવો. મુલાકાતીઓ થેલા-બેગ લઈને પ્રવેશ કરે તો તેમની બેગ-થેલી પણ તપાસવી તેવી કડક સુચના આપી દેવામાં આવી છે.

# પ્રધાનમંત્રી ૭મીએ આવે છે

ગાંધીનગર, તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સાતમીના રોજ બે દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ સુરત, સોમનાથ અને ગાંધીનગર ખાતે કાર્યક્રમોમાં હાજરી આપી આઠમીએ સાંજે દિલ્હી પરત ફરશે.

સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર થયેલા પ્રવાસ કાર્યક્રમ અનુસાર તેઓ ૭મી માર્ચે ગુજરાતના પ્રવાસે આવશે. બપોરે ૨.૩૦ વાગે સુરત એરપોર્ટ પર આગમન કરશે. સુરતથી હેલીકોપ્ટર દ્વારા દહેજ પહોચશે. વડાપ્રધાન દહેજ ખાતે ઓપેલ પ્લાન્ટની મુલાકાત લેશે. ઓપેલ પ્લાન્ટ ખાતે ૫૦ મિનિટ સુધી રોકાશે. સાંજે પાંચ વાગે પી.એમ. મોદી ભરૂચ પહોંચશે અને નવનિર્મિત પુલ અને ઓપેલ પ્લાન્ટની તકતીઓનું અનાવરણ કરશે.



કૃષિ યુનિવર્સિટી મેદાન ખાતે જાહેર સભાને સંબોધન કરશે. સાંજે સાત વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આગમન કરશે અને ૭.૩૦ વાગ્યે ગાંધીનગર રાજભવન પહોંચશે અને રાજભવન ખાતે રાત્રી રોકાણ કરશે. રાત્રે ૮ વાગ્યે સી.એમ. રૂપાણી આયોજિત રાત્રિ ભોજનમાં ભાગ લેશે.

૮મી માર્ચ સવારે આઠ વાગે અમદાવાદ એરપોર્ટથી દીવ જશે. ૯.૩૦ વાગે સોમનાથ મંદિરે પહોંચશે. વડાપ્રધાન ૧૧ વાગ્યા સુધી સોમનાથ મંદિરે દર્શન કરશે. ૧૧ વાગે ગાંધીનગર આવવા રવાના થશે અને બપોરે ૨.૩૦ વાગ્યે મહાત્મા મંદિર ખાતે મહિલા સરપંચોના યોજાનાર કોન્ફરન્સમાં હાજરી આપી કોન્ફરન્સનું ઉદઘાટન કરી મહિલા સરપંચોને સંબોધન કરશે અને સાંજે ૬ વાગ્યે અમદાવાદથી દિલ્હી જશે.

## સ્વચ્છ ભારત નિર્માણના જનઆંદોલનમાં મહિલાઓનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે

ગાંધીનગર, તા. ૪

કેન્દ્ર સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયના ઓએસડી અક્ષત રાઉતે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત સ્વસ્થ ભારતનિર્માણ અભિયાનના જન આંદોલનમાં મહિલાઓનું પ્રદાન અનેરૂ પુરવાર થઈ રહ્યું છે. આયોજન કરાયું છે. જો કે સમાપન સમારોહ ૮મી માર્ચે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત કેન્દ્રિય મંત્રીઓ તથા રાજ્યમંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહેશે. તેમણે જણાવ્યુ હતુ કે મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિએ વિગતો આપતાં જણાવ્યું હતું કે સ્વચ્છ શકિત સપ્તાહ-૨૦૧૭ અભિયાનનો સમાપન સમારોહ ગુજરાતમાં યોજાઈ રહ્યો છે. જે ગૌરવની વાત છે. તેમણે ઉમેર્યું હતુ કે મહિલા સરપંચોને ગુજરાતના અમદાવાદ, ખેડા, ગાંધીનગર, સાબરકાંઠા, વડોદરા, મહેસાણા, કચ્છ, સુરત મળી કુલ આઠ જિલ્લાઓનો પ્રવાસ કરાવીને રાજ્યમાં થયેલ વિકાસના દેશને દર્શન કરાવશે.

**૮મી માર્ચે મહાત્મા મંદિર ખાતે મહિલા સરપંચોનું સંમેલન યોજાશે : દેશભરમાંથી ૬૦૦૦ મહિલા સરપંચો ઉપસ્થિત રહેશે**

આજે ગાંધીનગર આવેલા કેન્દ્ર સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયના ઓએસડી અક્ષત રાઉતે આગામી ૮મી માર્ચે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે વિશ્વ મહિલા દિન નિમિત્તે યોજાનાર સ્વચ્છ શક્તિ સપ્તાહ-૨૦૧૭ સમાપન સમારોહના આયોજન અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે વડાપ્રધાનના સંકલ્પ ચરિતાર્થ કરવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા જે ભગીરથ પ્રયાસો હાથ ધર્યા છે જેના પરિણામે દેશના ૧૭૦થી વધુ જિલ્લાઓ ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર થયા છે.

જેમાં ગુજરાત દેશમાં મોખરે રહ્યું છે. તેમણે ઉમેર્યું કે સમગ્ર રાષ્ટ્રમાં ૧લી માર્ચથી ૮મી માર્ચ દરમિયાન સ્વચ્છ શક્તિ સપ્તાહ-૨૦૧૭ ઉજવવાનું રાષ્ટ્રભરમાંથી ૬૦૦૦થી વધુ મહિલા સરપંચો ભાગ લેશે. તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની સ્વચ્છતા મિશન અંગેની યોજનાઓનું ગ્રામીણ માહોલ ખડુ કરતુ અદ્ભૂત પ્રદર્શન પણ યોજવામાં આવનાર છે.

ગ્રામ વિકાસ ગ્રામ પંચાયત

# ગાંધીનગર ખાતે ૮મીએ સ્વચ્છ શક્તિ સપ્તાહનો સમાપન સમારોહ

ગાંધીનગર, તા. ૪

કેન્દ્ર સરકારના પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયના ઓએસડી અક્ષત રાઉતે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત નિર્માણ અભિયાનના જનઆંદોલનમાં મહિલાઓનું પ્રદાન અનેરૂ પુરવાર થઈ રહ્યું છે.

આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ૮મી માર્ચ-૨૦૧૭ વિશ્વ મહિલા દિન નિમિત્તે યોજાનાર 'સ્વચ્છ શક્તિ સપ્તાહ-૨૦૧૭' સમાપન સમારોહના આયોજન અંગે વિગતો આપતાં રાઉતે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા જે ભગીરથ પ્રયાસો હાથ ધર્યો છે, જેના પરિણામે દેશના ૧૭૦થી વધુ જિલ્લાઓ ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત (ઓ.ડી.એફ.) જાહેર થયા છે. જેમાં ગુજરાત દેશમાં મોખરે રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, સમગ્ર રાષ્ટ્રમાં ૧લી માર્ચથી ૮મી માર્ચ દરમિયાન સ્વચ્છ શક્તિ સપ્તાહ-૨૦૧૭ ઉજવવાનું આયોજન કરાયું છે. જેનો સમાપન સમારોહ ૮મી માર્ચે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત કેન્દ્રીય મંત્રીઓ તથા રાજ્ય મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહેશે.

રાઉતે ઉમેર્યું હતું કે, મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં રાષ્ટ્રભરમાંથી ૬,૦૦૦થી વધુ મહિલા સરપંચો ભાગ લેશે. સવારના સેશનમાં કેન્દ્ર સરકારની ફલેગશીપ યોજનાઓ જેવી કે, બેટી બચાવો અભિયાન, સ્વચ્છતા મિશન, ડીજીટલ ઈન્ડિયા જેવી યોજનાઓની તજજ્ઞો દ્વારા માહિતી અપાશે અને મહાત્મા મંદિર ખાતે કેન્દ્ર અને રાજ્ય સરકારની સ્વચ્છતા મિશન અંગેની યોજનાઓનું ગ્રામીણ માહોલ ખડું કરતું અદભૂત પ્રદર્શન પણ યોજવામાં આવનાર છે.

ગ્રામ વિકાસ, ગ્રામ પંચાયત વિભાગના અગ્રસચિવ ડૉ. જયંતી રવિએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, સ્વચ્છ શક્તિ સપ્તાહ-૨૦૧૭ અભિયાનનો સમાપન સમારોહ ગુજરાતમાં યોજાઈ રહ્યો છે તે આપણા માટે ગૌરવની વાત છે. તેમણે ઉમેર્યું કે, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગુજરાતમાં ૨૧ જિલ્લાઓ ઓડીએફ જાહેર થયા છે. રાજ્યભરમાં આ સપ્તાહ દરમિયાન સ્વચ્છતા સંદર્ભે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે, જેને વ્યાપક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, મહાત્મા મંદિર ખાતે ૮મી માર્ચે યોજાનાર આ સમારોહ ૧૨-૩૦ કલાકે શરૂ થશે. જેમાં રાષ્ટ્રભરમાંથી જે ૬,૦૦૦ મહિલા સરપંચો ઉપસ્થિત રહેનાર છે તેઓને ગુજરાતના અમદાવાદ, ખેડા, ગાંધીનગર, સાબરકાંઠા, વડોદરા, મહેસાણા, કચ્છ, સુરત મળી કુલ આઠ જિલ્લાઓનો પ્રવાસ કરાવીને રાજ્યમાં થયેલ વિકાસના દેશને દર્શન કરાવાશે. ઉપરાંત ૭મી માર્ચના રોજ સાંજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પણ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે.

આ પ્રસંગે જીએઆઈડીસીના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર શ્રીમતી ડી.થારા સહિત ગ્રામ વિકાસ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**અટક બદલેલ છે**
અમારા પુત્ર આરોનની અટક પરમારને બદલે ક્રિશ્ચિયન છે. જે અંગેની નોંધ લેવા વિનંતી છે.
**વિનોદ શાંતિલાલ પરમાર**
**અનિતાબેન વિનોદ પરમાર**
પ્લોટ નં. ૧૧૧૬/૧,
સે.૬/સી, ગાંધીનગર

ટચૂકડી જાહેર ખબર

**ભાડે આપવાનું છે**
સેક્ટર-૭/બી, પ્લોટ નં. ૬૪૧/૧, બે માળનું સ્વતંત્ર મકાન ભાડે આપવાનું છે.
**સંપર્ક કરો**
**મો. ૯૮૯૮૩ ૩૦૫૧૭**
**(દલાલ ભાઈઓ માફ)**

**ભાડે આપવાનો છે**
3BHK લકઝુરિયસ ફ્લેટ, એલોટેડ પાર્કીંગ, 24Hr. સિક્યોરીટી, R.O., ગેસ ગીઝર સાથે
**સિદ્ધરાજ ઝોલ્ડ,**
**સરગાસણ ચાર રસ્તા,**
**ગાંધીનગર**
**મો. ૯૮૭૯૫ ૫૧૭૦૯**